# ધી ક્રિસ્ટાડેલ્ફીઅન્સ

## (ક્રાઈસ્ટ-મય બંધુ-ભગિનીઓ)

બાઈબલ આધારિત એક સમાજની ઓળખ

લે. રોબ હઈન્ડમન

# ધી ક્રિસ્ટાડેલ્ફીઅન્સ

## (ક્રાઈસ્ટ-મય બંધુ-ભગિનીઓ)

## બાઈબલ આધારિત એક સમાજની ઓળખ

ક્રિસ્ટાડેલ્ફીઅન્સ એટલે એક એવો નાનકડો ધાર્મિક વર્ગ જે નવાકરાર ના સમય મુજબ ચાલતા પ્રારંભિક ખ્રિસ્તીદેવળની શ્રદ્ધા અને રીત રસમો અનુસરવા ના માર્ગે છે.

આ નામ “ક્રિસ્ટાડેલ્ફીઅન્સ” છેલ્લા લગભગ દોઢસો એક વરસથી ચલણી છે. એ બે ગ્રીક શબ્દો પરથી આવેલું નામ છે જેનો આર્થ થાય છે ક્રાઈસ્ટમય (ઈશુ મય) બંધુ ભગિનીઓ.
(જુઓ માત્થી ૨૩:૮; કોલોસીઓને પત્ર ૧:૨; હેબ્રીઓને પત્ર ૨:૧૧)

અમારી સંસ્થા વિશ્વના એકસોવીસથી પણ વધુ દેશોમાં કાર્યરત છે. જે યુ. કે (બ્રિટેન), ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ, ઉત્તર અમેરિકા, ભારત, એશિયા અને આફ્રિકા ખંડમાં સારી એવી સંખ્યામાં મોજૂદ છે. અમે ઘરોમાં, ભાડે કમરાઓમાં આને કયાંક અમારા પોતાના સભાખંડો પણ છે ત્યાં ભેગા થઈએ છીએ.
(જુઓ પ્રેરિતોનાં કૃત્યા ૧:૧૩-૧૪, ૨:૪૬-૪૭, ૧૮:૭, ૧૯:૯, ૨૮:૩૦)

અમારો આ સામાન્ય જનસમૂહ પ્રથમ સદીના ખ્રિસ્તીઓ મુજબ બનેલો છે. આવું દરેક જુથ “એક્લેસિયા” કહેવાય છે (દેવળ માટેનો નવા કરારમાં વપરાતો ગ્રીક શબ્દ). અમારી પાસે કોઈ પગારદાર પાદરીઓ કે દેવળના વિવિધ પદાધિકારીઓનું માળખું નથી. દરેકે દરેક જૂથ ના સભ્યોને ભાઈ અથવા બહેન એવું સંબોધન કરવામાં આવે છે અને સૌ સાથે મળી સંસ્થાની પ્રવૃત્તિઓ ગોઠવે છે. દરેક સભ્ય આમાં પ્રભુ પ્રીત્યર્થે

(સેવાર્થે), સ્વૈચ્છિક રીતે સમય, સાધનો અને શક્તિ દ્વારા પોતાનો કાળો નોંધાવે છે. એક દઢ શ્રદ્ધા અમારી બિરાદરીને એક તાંતણે (સૂત્રે) બાંધી રાખે છે.
(જુઓ રૂમિઓને પત્ર ૧૨:૪-૮; કોરીંથીઓને ૧ લો પત્ર ૧૨:૪-૨૭; ગલાતીઓને પત્ર ૩:૨૮)

અમારા માર્ગદર્શક તરીકે અમે ફકત બાઈબલને જ માનીએ છીએ અને એને જ પ્રભુનો પરમ સંદેશ માનીએ છીએ. અમારા સભ્ય પદ માટે આવી માન્યતા ધરાવતી કોઈ પણ વ્યકિત પાત્ર છે જ્યારે (પાણીમાં સંપૂર્ણ રીતે ડૂબાડી) એનું "બાપ્ટીસ્મા" થઈ જાય.

## ટૂંક ઈતિહાસ

એપોસ્ટલ્સના (ઈશુના પ્રથમ બાર શિષ્યો પૈકી નો આદ્ય સંદેશ પ્રચારક) સમયથી જ ઘણા ભકતો આ સંદેશને અનુસર્યા છે. જેમાં અમે ક્રિસ્ટાડેલ્ફીઅન્સ માનીએ છીએ. દુનિયામાં પોતપોતાની રીતે બનેલા આવા અગણ્ય જૂથો છે. જેમણે બાઈબલનો ઉડો અભ્યાસ કર્યો છે અને એના સરળ ઉપદેશોનું પાલન કરે છે.

ક્રિસ્ટાડેલ્ફીઅન્સની માન્યતાઓ અને રીત રસમો નાં મૂળિયાં નવા કરાર થી માંડીને પહેલી અને બીજા સદીના દસ્તાવેજોમાં સાંપડે છે જેવાં કે "એપિસ્ટલ ઓફ ક્લેમેન્ટ", "ધ ટિચીંગ" અને "ધ અપોસ્ટેલ્સ ની ક્રીડ" ઈસ ની સોળમી સદીથી યુરોપમાં જે સુધારાઓ દાખલ થયા એમાં ધાર્મિક સ્વતંત્રતાના ભાગ રૂપે સ્વીડનનાં એનાબાપ્ટીસ્ટો અને પોલેન્ડના સોથીનીઅન્સ લોકો વગેરે બાઈબલમાં માનતા સમૂહો જૂની માન્યતાઓ અને રિવાજો અનુસરવા માંડ્યા.

પ્રારંભકાળના ઈંગ્લીશ બાપ્ટીસ્ટો પણ આવી માન્યઓ ધરાવતા. (આજના બાપ્ટીસ્ટો હવે આ પ્રથા અનુસરતા નથી.) અઢારમી સદીના નવજાગરણ સમયે સર આઈજેક ન્યુટન અને વિલિયમ વિસ્ટન જેવી પ્રતિભાઓ પણ આ માન્યતાઓ અનુસરતા હતા.

આધુનિક ક્રિસ્ટાડેલ્ફીઅન્સ ચળવળ ની શરૂઆત છેક ૧૮૩૦ થી થઈ, એ યુગમાં જેમાં અમેરિકા અને ઈંગ્લેન્ડમાં પુનઃપ્રસાર અને સુધારાઓ આવ્યા. અમેતિકામાં

જહોન થોમસ નામક એક તબીબે "હેરાલ્ડ ઓફ ધ કિંગડમ" (પ્રભુ રાજ્યનો ઉદય) નામનું પુસ્તક છાપ્યું. આને લીધે બાઈબલ શિક્ષણનો અને પ્રભુના રાજ્યનો જાણે પુનરાવતાર થયો. બ્રિટનમાં પણ રોબર્ટ રોબર્ટ્સ નામના પત્રકારે "એમ્બેસેડર ઓફ ધ કમીંગ એજ" (નવયુગનો એલચી) નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. થોમસ અને રોબર્ટ્સ બેઉમાંથી કોઇએ એવો દાવો નહીં કર્યો કે પોતાને કોઇ દષ્ટિ સાંપડી છે કે કોઇ અનુભૂતિ થઇ છે. એ તો ફકત બાઈબલના પ્રમાણિક અભ્યાસુઓ બનવાનો પ્રયત્ન કરનાર હતા.

ઈ. સ. ૧૮૬૧ માં જ્યારે અમેરિકામાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો ત્યારે જે ક્રિશ્ચિયનોએ લડાઈમાં ભાગ નહોતો લીધો એમને પોતાના નામ સરકારી દફતરે નોંધાવવાનું ફરજિયાન હતું. ઓગલે કાઊન્ટી, ઈલનોઈના સામ કોફમેન અને અન્ય ભાઈઓએ પોતાનું નામ ક્રાઈસ્ટના બાંધવો અથવા એક શબ્દમા ક્રિસ્ટાડેલ્ફીઅન્સ તરીકે દાખલ કરાવ્યું. આવી જ માન્યતા ધરાવતા અમેરિકા અને બ્રિટનના અન્ય સમૂહોમાં પણ આ નામ પછી ચલણી બની ગયું. એ દિવસથી માંડી સ્વતંત્ર રીતે ક્રિસ્ટાડેલ્ફીઅન્સના વિવિધ સમૂહોની આખી દુનિયાના દેશોમાં સ્થાપના થઇ ગઇ છે.

આ પુસ્તિકાના બીજા વિભાગોમાં અમે ઓળખ આવીશું

૧) અમારી માન્યતાઓ
૨) અમારી જીવનશૈલી
૩) અમારી બિરાદરી, પૂજા અને સાક્ષીભાવ

# ૧. અમારી માન્યતાઓ

## ધ બાઈબલ

અમે માનીએ છીએ કે એક બાઈબલ જ ઈશ્વર દ્વારા માનવજાતને અપાયેલો એવો પ્રગટ સંદેશ છે જેનાથી વ્યક્તિઓ ઈશ્વરમાં અને એના પુત્રમાં શ્રદ્ધા ધરાવતી થાય. અમારી ફક્ત આ એક માત્ર પાત્રતા છે. જેનું પ્રાર્થના પૂર્વક તેમજ પૂરી કાળજીથી જ્યારે જ્યારે તક મળે ત્યારે પઠન કરવું જોઇએ.

(તીમોથીને ૨ જો પત્ર ૩:૧૬-૧૭; પિતરનો ૧ લો પત્ર ૧:૧૦-૧૨; પિતરનો ૨ જો પત્ર ૧:૨૦-૨૧; પ્રેરિતોઅનાં કૃત્યો ૧૭:૧૧; એફેસીઓને પત્ર ૨:૨૦; રૂમિઓને પત્ર ૧૬:૨૬)

## ઈશ્વર / પ્રભુ

વિશ્વમાં ફક્ત એકજ શાશ્વત અમર પ્રભુ છે. ઈશુ ખ્રિસ્ત એ જ એનો એક માત્ર પુત્ર છે. અને દિવ્યાત્મા એ એની શક્તિ છે.

(પુનર્નિયમ ૬:૪; લુક ૧:૩૫; પ્રેરિતોનાં કૃત્યો ૧:૮; કોરીંથીઓને ૧ લો પત્ર ૮:૬; તીમોથીને ૧ લો પત્ર ૧:૧૭, ૨:૫,૬:૧૬)

## માનવ

ઈશ્વર સમક્ષ માનવ એક નાશવંત અને પાપી છે. એનું જીવન જ પાપમય છે અને પાપની શિક્ષા મૃત્યુ છે, જીવનનો અંત.

(યિર્મેયાસ ૧૭:૯; માર્ક ૭:૨૧-૨૩; રૂમિઓને પત્ર ૩:૨૩; યાકૂબનો પત્ર ૧:૧૩-૧૫; રૂમિઓને પત્ર ૬:૨૩; સભાશિક્ષક ૯:૫,૧૦; ગીતશાસ્ત્ર ૧૧૫:૧૭, ૧૪૬:૪)

## આશા

મૃત્યુ પછી જીવનની એક માત્ર આશા છે દેહનો પુર્નજન્મ અને પૃથ્વીપર ઈશ્વરના રાજ્યમાં ચિરંતન જીવન.

(ગીતશાસ્ત્ર ૪૯:૧૨-૨૦; યોહાન ૧૧:૨૫-૨૬; પ્રેરિતોનાં કૃત્યો ૨૪:૧૫; રૂમિઓને પત્ર ૮:૨૨-૩૯; કોરીંથીઓને ૧ લો પત્ર ૧૫:૧૨; પ્રકટીકરણ ૫:૧૦, ૨૦:૪)

## વચનો

જૂના કરાર મુજબ ઈશ્વરે અબ્રાહમ અને ડેવિડને જે વચનો આપેલાં તેને અને ઈશ્વર સંદેશને અલગ પાડી શકાય નહીં. આ વચનો ઈશુ ખ્રિસ્ત દ્વારા પાળવામાં આવે છે.

(પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૩૨; ઉત્પત્તિ ૧૩:૧૪-૧૭, ૨૨:૧૫-૧૮; ૨ શમૂએલ ૭:૧૨,૧૬; લુક ૧:૩૧-૩૩; ગલાતીઓને પત્ર ૩:૬-૯, ૧૬, ૨૬-૨૯)

## ઈશ્વર વિશ્વને એટલું આહે છે કે

પ્રેમને માર્યા પ્રભુએ પોતાના પુત્ર, માનવ ઈશુને આ દુનિયામાં એટલે મોકલાવ્યો કે લોકો પાપથી બચે. જે એમાં શ્રદ્ધા રાખશે એમનો નાશ નહીં થાય અને એમને ચિરંતન જીવન મળશે.

(માત્થી ૧:૨૦-૨૧, ૩:૧૭; લુક ૧:૩૫; યોહાન ૩:૧૬)

## ઈશુનું બલિદાન

ઈશુ નિષ્પાપ હતો. એ પ્રભુના ન્યાયીપણાને બતાવવા અને જે આ બલિદાનમાં શ્રદ્ધા ધરાવે એમના ઉદ્ધાર માટે મરણ પામ્યો. ઈશ્વરે એને મૃત્યુઅમાંથી સજીવ કર્યો અને એને અમર બનાવી સ્વર્ગ અને પૃથ્વી પર ની સર્વ સત્તા એને આપી પ્રભુ અને માનવ વચ્ચેનો સંધિકાર / લવાદ નીમ્યો.

(રૂમિઓને પત્ર ૩:૨૧-૨૬; એફેસીઓને પત્ર ૧:૧૯-૨૩; તીમોથીને ૧ લો પત્ર ૨:૫-૬; હેબ્રીઓન પત્ર ૪:૧૪-૧૬)

## ઈશુનું પુનરાગમન

ઈશુ પૃથ્વીપર ટૂંક સમય માં પધારશે. મૃત્યુ પામેલા ઘણા લોકોને પાછા જીવિત કરશે. એમના જીવન પ્રમાણે એમનો ન્યાય તોળી જે શ્રદ્ધાળુ હશે એમને ઈશ્વર ના રાજ્યમાં ચિરંતન જીવન બક્ષસે.

(દાનીયેલ ૧૨:૨; માત્થી ૨૫:૩૧-૩૪; લુક ૨૧:૨૦-૩૨; યોહાન ૫:૨૮-૨૯; પ્રેરિતોનાં કૃત્યો ૧:૧૧; તીમોથીને ૨ જો પત્ર ૪:૧; પ્રકટીકરણ ૨૨:૧૨)

## ઈશ્વરનું રાજ્ય

પૃથ્વીપર ઈશ્વરીય રાજની સ્થાપના થશે. ઈશુ જેરુસલામનાં રાજા થશે. એનું રાજ્ય વિશ્વભરમાં હશે અને એની સરકાર વિશ્વમાં શાશ્વત સાચાપણું અને શાંતિ લાવશે.

(ગીતશાસ્ત્ર ૭૨; યશાયાહ ૨:૨-૪, ૯:૬-૭, ૧૧:૧-૯, ૬૧:૧-૧૧; યિર્મેયાસ ૩:૧૭; દાનીયેલ ૨:૪૪, ૭:૧૪,૨૭; પ્રેરિતોનાં કૃત્યો ૩:૨૧)

## મુક્તિ (ઉદ્ધાર) નો માર્ગ

ઈશ્વરના રાજ્યમાં પ્રવેશવા માટે શ્રદ્ધા જરૂરી છે. આ માટે બાઈબલમાં ભરોસો અને એના આદેશો મુજબ સ્ત્રી પુરુષોએ પોતાનાં પાપોની કબુલાત કરવાનું પસ્તાવો કરવાનું, જળસિંચન (બાપ્ટીસ્મા) કરાવી ઈશુને વિશ્વાસપૂર્વક અનુસરવાનું છે.

(માત્થી ૧૬:૨૪-૨૭; માર્ક ૧૬:૧૬; યોહાન ૩:૩-૫; પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૭-૩૮, ૪:૧૨; તીમોથીને ૨ જો પત્ર ૩:૧૫; હેબ્રીઓન પત્ર ૧૧:૬)

## કેટલાંક અગત્યના તફાવતો

અમને ઘણીવાર પૂછવામાં આવે છે તમે અન્ય ઈસાઈ લોકોથી કઇ રીતે અલગ પડો છો? એ છે અમારું વિશિષ્ઠ સંસ્થાકીય માળખું જેમાં પાદરીઓ કે પદાધિકારીઓ નથી. એ સિવાય પણ અમારા કેટલાંક પાયાના સિદ્ધાંતો બીજા ગણાખરા દેવળોથી સાવ અલગ છે.

અમે ટ્રિનીટી (ત્રિપદી) ના સિદ્ધાંતને નકારીએ છીએ જે ઈશુના મરણ અને પુર્નજીવન પછી દેવળોમાંના અંદર અંદર ના વિખવાદને કારણે વિકસાવાયો હતો. (કાઉન્સિલ ઓફ નાઈસીયા ઇ.સ. ૩૨૫) બાઈબલમાં સ્પષ્ટ શીખ છે ઈશુ પ્રભુનો પુત્ર છે અને નહીં કે એનું સ્વર્ગમાં બાળ પ્રભુ તરીકે પહેલેથીજ અસ્તિત્વ હતું.

આ ટ્રિનીટીના સિદ્ધાંતના સ્વિકારને કારણે તો ઈશુના માનવીય કાર્ય અને એના મરણ ની વાસ્થવિકતાના કાર્યની મહત્તા ઘટે છે. જો એ ઈશ્વર જ હતો તો એ લાલચ માં આવત નહીં અને મરણ પણ પામી શકત નહીં.
(તીમોથીને ૧ લો પત્ર ૨:૫; કોરીંથીઓને ૧ લો પત્ર ૧૧:૩; હેબ્રીઓન પત્ર ૫:૮)

બીજું અમે અમર આત્મા જે મૃત્યુ પછી સ્વર્ગે જાય છે એ પ્રચલિત વિચારને પણ નકારીએ છીએ. બાઈબલ શીખવાડે છે કે ચિરંતન જીવન માટેની એક માત્ર આશા એ છે કે પુર્નજીવન થવું. જ્યારે ઈશુ પાછો ફરશે અને ઈશ્વરના રાજ્યમાં ચિરંતન જીવન મળશે.
(યોહાન ૩:૧૩; પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૪; થેસ્સલોનિકીઓને ૧ લો પત્ર ૪:૧૬)

અમે માનીએ છીએ કે બાપ્ટીસ્મા આવશ્યક છે, પણ ફકત પુખ્ત વયના લોકો માટે. બાળકો પર જળ છંટકાવ કરવો એ બાપ્ટીસ્મા નથી.
(યોહાન ૩:૫; કોલોસીઓન પત્ર ૨:૧૨; પિતરનો ૧ લો પત્ર ૩:૨૧)

અમે અમે પણ માનીએ છીએ કે બાઈબલમાં શેતાન શબ્દ માનવના પાપપૂર્ણ સ્વભાવના રૂપક તરીકે યોજાયો છે. એટલે અમે એક આધિભૌતિક લલચાવનારા (શેતાન) ના સિદ્દાંતને નકારીએ છીએ.
(યશાયાહ ૪૫:૭; માર્ક ૮:૩૩; યોહાન ૬:૭૦; હેબ્રીઓન પત્ર ૧:૧૪)

# ૨. અમારી જીવનશૈલી

## ધ બાઈબલ - જીવનનો ભોમિયો

બાઈબલ એ મહાસતા છે જેના પર જ આપણું જીવન આધારિત હોવું જોઇએ. અમારા ક્રિસ્ટાડેલ્ફીઅન્સમાં બહુ પ્રચલિત એક પરંપરા છે કે દરરોજ બાઈબલનું પઠન એક નિશ્ચિત આયોજન પ્રમાણે કરવું. આમ કરવાથી અમે જૂનો કરાર વરસમાં એક વખત અને નવા કરાર વરસમાં બે વખત દર વર્ષે વાંચી શકીએ છીએ. અમારા માંના ઘણાં  આનાથી પણ વધુ વાર પઠન કરે છે.

(રૂમિઓને પત્ર ૧૫:૪; થેસ્સલોનિકીઓને ૧ લો પત્ર ૨:૧૩; યાકૂબનો પત્ર ૧:૨૨; તીમોથીને ૨ જે પત્ર ૨:૧૫)

## પ્રાર્થના

નવા કરાર અનુસાર અને ઈશુના સૂચન મુજબ અમે ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ સ્વર્ગના અમારા એ પિતાની પ્રાર્થના એના પુત્ર ઈશુના નામે કરીએ છીએ નહીં કે અમે સીધે સીધા ઈશુને પ્રાર્થીએ છીએ. આના લીધે અમારા અને ઈશુ વચ્ચેના અંગત સંબંધોને પાબંદી નથી આવતી કારણકે ઈશુ અમારી નબળાઈઓ થી વાકેફ છે.

(યોહાન ૧૫:૧૬,૧૬:૨૬; હેબ્રીઓન પત્ર ૨:૧૫)

## કાર્ય

અપોસ્ટલ પૉલના શીખવ્યા મુજબ અને દષ્ટાંત આધારે સૌ ક્રિસ્ટાડેલ્ફીઅન્સ પોતાના અને પોતાના કુટુંબના નિર્વાહ માટે પ્રામાણિક પણે રોજી મેળવવાનું લક્ષ્ય રાખે છે. આથી રાજકારણ, સૈન્ય, પોલિસ ખાતું, ગુનેગારીને લગતા કાયદા આદિના વ્યવસાયો અપનાવવામાં આવતા નથી.

(તીમોથીને ૧ લો પત્ર ૫:૮; થેસ્સલોનિકીઓને ૨ જો પત્ર ૩:૬-૧૨)

## કુટુંબ જીવન

પતિ અને પત્ની વચ્ચેના સંબંધ ઈશુ અને દેવળને સમાંતર રીતે ચાલે છે. એટલેજ લગ્ન બંધનને અતિ પવિત્ર ગણવામાં આવે છે. બાળ ઉછેર એ રીતે કરવામાં આવે કે

બાળકોને ઈશ્વર વિષયક જ્ઞાન હોય એ રવિવારની શાળામાં હાજરી આપતા હોય અને પોતાના માબાપ જોડે રોજ બાઈબલનું પઠન કરતા હોય. જે વયસ્ક વ્યક્તિઓ છે એમની પૂરી સારસંભાળ એમના કુટુંબીઓ અને બિરાદરીને બીજા લોકો લેતા હોય.
(એફેસીઓને પત્ર ૫:૨૨-૨૩, ૬:૪; તીમોથીને ૧ લો પત્ર ૫:૪)

## દાન

વ્યક્તિગત અને સામૂહિક રીતે ક્રિસ્ટાડેલ્ફીઅન્સ ધર્માદા પ્રવૃત્તિઓ જોડે અને દાન જોડે સંલગ્ન હોય છે. અમારો એ પ્રયત્ન હોય છે કે અમારાં આ સત્કાર્યોનો દેખાડો ન થાય. અને આ દાન પ્રવૃત્તિ દરમ્યાન ઉપદેશ આપવાની પ્રવૃત્તિ નથી કરતા જેથી લોકો ઈશુ પ્રત્યે ખોટાં કારણોથી આર્કષાતા અટકે.
(ગલાતીઓને પત્ર ૬:૧૦; યાકૂબનો પત્ર ૧:૨૭, ૨:૧૫-૧૬; માત્થી ૬:૧-૪; યોહાન ૬:૨૬)

અમે જકાતમાં પણ માનતા નથી (-આવકના દશ ટકા દેવળને આપવા નો રિવાજ. કારણકે જૂના કરાર મુજબ લેવીટીકલ પાદરીઓના નિર્વાહ માટે આ જરૂરી હતું જે પ્રથા હવે રદ કરવામાં આવી છે.)
(ગણના ૧૮:૨૪; હેબ્રીઓન પત્ર ૭:૧-૨૮)

## દેહ અને આત્મા

બાપ્ટીસ્મા (જળસિંચન) થઈ ગયા બાદ એ જરૂરી છે કે આપણા જીવનમાં પરિવર્તન લાવવાના પ્રયાસ થાય અને ભૌતિક રીતે જીવનાને બદલે જીવન વધુ આધ્યાત્મિક થાય. સ્પીતીટ અથવા આ આત્મા દ્વારા અમને એ અભિપ્રેત નથી કે અલૌકિક સત્તા ધરાવતી અથવા દૈહિક સંબંધે (ડેવિલ કે શેતાન) કોઈ મહાસતા હોય. પરંતુ અમે સ્વીકારીએ છીએ કે આપણા જીવનમાં ઈશ્વર પોતાના શબ્દથી અને આપણી આવશ્યકતાઓની પૂર્તિ અર્થે હંમેશાં સક્રિય હોય છે.
(રૂમિઓને પત્ર ૬:૧-૪; માર્ક ૧૪:૩૮; ગલાતીઓને પત્ર ૫:૨૨-૨૫)

## શ્રદ્ધા અને કૃપાદષ્ટિ

આપણે ઈશ્વર પર પૂરેપૂરા આધારિત રહેવા પ્રયાસ કરીએ અને ઓવી શ્રદ્ધા

વિકસીત કરીએ જે આપણી પ્રાર્થનામાં અને સુકાર્યોમાં સક્રિય હોય. સાથો સાથ એટલો ખ્યાલ રાખીએ કે મુક્તિ થવા માટે દૈવીકૃપા જરૂતી છે.
(એફેસીઓને પત્ર ૨:૮)

ઈશ્વરની સહાય દ્વારાજ આપણે એને રાજ કરવા અને દરરોજ એના આદેશોનું પાલન કરી શકીએ જેમકે ઈશુએ એના પિતાના આદેશોનું વફાદારી પૂર્વક પાલન કર્યું હતું. આપણે એટલા માટે પ્રયત્નશીલ રહીએ જેથી આપણા કાર્યોમાં ઉત્સાહ હોય, લગ્ન જીવનમાં વફાદારી હોય, દાન આપવાની ઉદારતા હોય, ઉપદેશમાં સંનિષ્ઠા હોય, ને આપણા પ્રભુથી આપણને સુખ હોય.

# ૩. અમારી બિરાદરી પુજા અને સાક્ષીભાવ

સભા - સપ્તાહમાં એકવાર ભેગા થઈ અને પ્રભુ ભક્તિ કરીએ અને એના પુત્ર ઈશુનું બલિદાન યાદ કરી પાઉં અને વાઇન પીવા દ્વારા એનું સ્મરણ કરીએ (જળસિંચન) બાપ્ટાઈસ્ડ થયેલા દરેક સભ્ય પાઉં અને વાઈન લે.
(કોરીંથીઓને ૧ લો પત્ર ૧૧:૨૩-૨૬, ૧૨:૧૩; માત્થી ૨૬:૨૬-૩૦)

પાઉં અને વાઈન સિવાય આ સભામાં પ્રાર્થનાઓ થાય. બાઈબલમાંથી બે કે ત્રણ પ્રકરણનું, કેટલાક હિંમ્સ અને એકાદ જોશ પ્રેરક (એક્સહોર્ટેશન એટલે ઉત્સાહવર્ધક દષ્ટાંત) પ્રસંગનું વાંચન થાય. દર સપ્તાહે વક્તા અલગ અલગ હોય.
(એફેસીઓને પત્ર ૫:૧૯; તીમોથીને ૧ લો પત્ર ૪:૧૩; હેબ્રીઓન પત્ર ૩:૧૩)

આ સભાઓમાં ભાગ લેવો એજ અમારી ધાર્મિક જિંદગીનું મુખ્ય લક્ષ્ય છે. મોટા ભાગના દેશોમાં આ સભાઓનું આયોજન રવિવારે થાય છે. (નેપાળમાં શનિવારે કે બંગલાદેશમાં શુક્રવારે પણ થાય. કારણકે ત્યાં જાહેર રજા રવિવારે નથી હોતી.) બાળકો બાઈબલના પાઠો રવિવારની શાળામાં ભણે.
(પ્રેરિતોનાં કૃત્યો ૨:૪૨, ૨૦:૭; કોરીંથીઓને ૧ લો પત્ર ૧૬:૨)

મોટા ભાગના સ્થાનિક જૂથો એક અથવા વધુ સાંધ્ય બાઈબલ વર્ગો પણ સપ્તાહ દરમ્યાન ચલાવે છે. અને યુવાવર્ગ માટે પ્રવૃત્તિઓ કરે છે.

## બાઈબલ શાળાઓ

ક્રિસ્ટાડેલ્ફીઅન્સ લોકોનાં ધર્મો પદેશશાળાઓ કે શિબિરો જેવું નથી હોતું એના બદલે દરેક સભ્યના લાભાર્થે બાઈબલ શાળાઓ કોય છે. દરવરસે ક્રિસ્ટાડેલ્ફીઅન્સ એક અઠવાડિયું અથવા સપ્તાહાંત ના અમુક દિવસે બાઈબલ શાળામાં અથવા બાઈબલ અભ્યાસ પ્રવૃત્તિના કેમ્પમાં વિતાવે છે જે કોઈ કોલેજ, અન્ય દેવળોમાં ભાડે જગ્યાએ ગોઠવવામાં આવે છે.

આવી શાળાઓમાં ઘણું ખરું બે કે ત્રણ વકતાઓ બાઈબલ ની અલગ અલગ પુસ્તિકાઓમાંથી પોતાના મનગમતો વિષય લઈ વક્તવ્ય આપે છે.

## સંસ્થા

પ્રત્યેક 'એકલેઝિયા' સ્વયં-સંચાલિત છે. રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય નેતૃત્વ ધરાવતી કે કેન્દ્રીય કચેરી જેવું કાંઈ નથી. તે છતાં ક્રિસ્ટાડેલ્ફીઅન્સ પોતાની સમાન શ્રદ્ધા ના કારણે વૈશ્વક સ્તરે એક ભાઈચારો નીભાવે છે. આ મુજબ વિવિધ મંડળો વચ્ચેના સંબંધો એક કુટુંબ જેવા હોય છે, જે પારંપરિક દેવળોથી અલગ તરહાનું છે. આ જ નવાકરાર નો આદર્શ ઢાંચો છે.
(એફેસીઓને પત્ર ૩:૧૫, ૪:૧-૬; યોહાનનો ૧ લો પત્ર ૧:૬-૭)

ભૂળ જેરુસલામ દેવળમાં બાર વકીલ વ્યક્તિઓ જે "શબ્દનું મંત્રીમંડળ" ગણાતું અને ઉપદેશ અને શિક્ષણ માટે એમની જવાબદારી હતી. સાત જણાનું "મેજ પ્રધાન મંડળ" લોક ઉત્કર્ષ યોજનાઓ માટે જવાબદાર હતું. આ પ્રમાણે એફેસસ ના દેવળમાં ઘણા બધા દેખરેખકારી હતા (શાબ્દિક રીતે બિશપ) અર્થાત્ વડેરાઓ. આધુનિક યુગના માંડળોમાં એક પગારદાર મુખ્ય પાસ્ટરની પ્રથા છે તેની આ પ્રણાલિમાં કોઈ જ જગ્યા નહોતી.
(માત્થી ૨૩:૮-૧૧; પ્રેરિતોનાં કૃત્યો ૧:૨૩-૨૬, ૬:૧-૬, ૨૦:૨૮)

## ઉપદેશ

દરેક સમૂહ ઈશ્વરી રાજ્યનો શુભસંદેશ શીખવાડવાનો પ્રયાસ કરે છે અને પોતાના વિસ્તારમાં ઈશુ ખ્રિસ્તનું નામ પ્રસારે છે.
(પ્રેરિતોનાં કૃત્યો ૮:૧૨, ૨૮:૩૧; તીમોથીને ૨ જો પત્ર ૪:૨)

અમુક સભ્યો વિદેશોમાં ઉપદેશ આપવા અને સ્થાનિક બ્રધર્સ અને સીસ્ટર્સને સહાય કરવા પણ જાય છે. સ્થાનિક ઉપદેશ આપતા બ્રધર્સની જેમ જ આ સ્વયંસેવકોને કાંઈ જ મહેનતાણું આપવામાં આવતું નથી.
(પ્રેરિતોનાં કૃત્યો ૨૦:૩૩-૩૪; થેસ્સલોનિકીઓને ૧ લો પત્ર ૨:૯)

ક્રિસ્ટાડેલ્ફીઅન્સ દ્વારા બાઈબલ પર પરિસંવાદો અને કેમ્પોનું આયોજન ઘણા દેશોમાં કરવામાં આવે છે. જેમાં તેઓ બાઈબલ પરના સાહિત્ય અને પત્રિકાઓનું વિનામૂલ્ય વિતરણ કરે છે. અમે પણ પોલની જેમ “દિવ્ય સંદેશનો પ્રચાર વિનામૂલ્ય” કરવાની ભાવના રાખીએ છીએ.
(કોરીંથીઓને ૧ લો પત્ર ૯:૧૮)

## અમારું આમંત્રણ

ક્રિસ્ટાડેલ્ફીઅન્સ સમાજ એવા તાણાવાણાથી ગૂંથાયેલો છે કે પ્રભુ સેવાનું કોઈપણ કાર્ય જે રીતે થઇ શકે તે રીતે કરવા તત્પર હોય છે. આપને આ બારામાં વધુ માહિતીની જરૂર હોય તો આ પુસ્તિકાના પાછલા પૃષ્ઠ પર આપેલા સરનામે વિના સંકોચ સંપર્ક કરી, અમને આભારી કરશો.

લે. રોબ હઈન્ડમન

# આપના સ્થાનિક ક્રિસ્ટાડેલ્ફીઅન્સનો સંપર્ક

The Christadelphians

GPO Box 159,

Hyderabad, AP

500001, India

- ક્રિસ્ટાડેલ્ફીઅન્સ કોણ છે?
- એ લોકો શું માને છે?
- અન્ય દેવળો કરતાં તેઓ કઈ રીતે અલગ છે?
- એમની જીવનશૈલી કેવી છે?
- એઓ પ્રભુભક્તિ કઈ રીતે કરે છે?

આ નાનકડી પુસ્તિકા દ્વારા શ્રીરોબ હઈન્ડમન વિશ્વભરમાં ક્રિસ્ટાડેલ્ફીઅન્સની બિરાદરીનો પરિચય આપે છે. દરેક વિભાગમાં બાઈબલના અવતરણો ટાંકવામાં આવ્યા છે. આપના બાઈબલ જોડે આ અવતરણોનો મેળ એસાડી જુઓ.

નિમ્ન વિભાગો છે:

૧) અમારી માન્યતાઓ
૨) અમારી જીવનશૈલી
૩) અમારી બિરાદરી, ભક્તિ (પૂજા) અને સક્ષીત્વ / સાક્ષીભાવ

The Christadelphians
GPO Box 159,
Hyderabad, AP
500001, India